# સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે મધ્યસ્થ ગ્રંથાલય સ્વર્ગ બન્યું

**વિશાળ રીડીંગ રૂમ વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરાઈ જાય છે : લોબીમાં અને જ્યાં જગ્યા મળે ત્યાં વાંચી રહેલા વિદ્યાર્થીઓ નજરે પડે છે**





ગાંધીનગર, તા. ૨

આગામી દિવસોમાં રાજય અને કેન્દ્ર સરકારની ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાવાની હોઈ તેની તૈયારી કરતાં વિદ્યાર્થીઓથી સેકટર-૧૭ની મધ્યસ્થ લાયબ્રેરી અને સેકટર-૨૧ની ડિસ્ટ્રીકટ લાયબ્રેરી ખીચોખીચ ભરાયેલી જોવા મળે છે. સવારથી મોડી રાત સુધી અહીં વિદ્યાર્થીઓ વાંચતા નજરે પડે છે.

રોજગારીનો પ્રશ્ન વધુને વધુ વિકટ બનતો જાય છે. ત્યાં સરકારી નોકરી મેળવવી વિદ્યાર્થીઓ માટે એક સપનું છે. જીપીએસસીની કલાસ ૧-૨ની પરીક્ષાઓ આગામી દિવસોમાં યોજાશે. આ ઉપરાંત ટુંક સમયમાં લોકરક્ષક, વનરક્ષા-વનપાલ સહાયક, એકાઉન્ટ ઓફિસર તથા કેન્દ્ર સરકારની પોસ્ટની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાવવાની છે. નગરપાલિકાઓ અને યુનિવર્સિટીઓમાં પણ ભરતીનો દોર ચાલી રહ્યો છે. બેરોજગારી દુર કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ હોઈ વિદ્યાર્થીઓ હવે કોઈ કમી રાખવા માંગતા નથી. વિવિધ કલાસીસ ઉપરાંત વધારાના વાંચન માટે લાયબ્રેરીનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરતા થયા છે. સેકટર-૧૭ અને સેકટર-૨૧ની લાયબ્રેરીની મુલાકાત લો એટલે સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ જોવા મળી જાય છે.

થોડાક સમય અગાઉ સેકટર-૧૭ની લાયબ્રેરીનું રીનોવેશન કરવામાં આવ્યું હતું. છોકરા-છોકરીઓ માટે અલગ અલગ વિશાળ વાંચનરૂમની સુવિધા ઉપરાંત અન્ય સુવિધાઓ પણ અહીં ઉપલબ્ધ બનાવાઈ છે. લાઈટ-પંખા અને બેસવાની અદ્યતન સુવિધાઓ સાથેના વિશાળ વાંચન ખંડમાં સવારથી જ વિદ્યાર્થીઓ ખીચોખીચ ભરાઈ જાય છે. વાંચન ખંડમાં બેસવાની જગ્યા ન મળતા વિદ્યાર્થીઓ લોબીમાં પંખાની નીચે જયાં જગ્યા મળે ત્યાં બેસીને વાંચે છે. વહેલી સવારે અને સાંજે વિદ્યાર્થીઓની ભીડ વધુ જોવા મળે છે. અહીં વિદ્યાર્થીઓને સંદર્ભ વિભાગ અને પુસ્તક વિભાગમાંથી જુદી જુદી ભાષા અને વિષયોના પુસ્તકો વાંચવા મળી રહે છે. આથી વિદ્યાર્થીઓ માટે લાયબ્રેરી ખુબ અનુકૂળ આવે છે.

સેકટર-૨૧ની લાયબ્રેરીમાં પણ ટુંક સમય પહેલાં જ નવું બિલ્ડીંગ બનાવી વાંચનની સુવિધા વધારવામાં આવી છે. અહીં પણ મોડી રાત સુધી વિદ્યાર્થીઓની અવરજવર રહે છે.

# સરકારી ૬૪૧૧ મકાનોનું રિનોવેશન હજુ બાકી

## ૧૩૯૪૨ પૈકી ૫૮૬૫ મકાનોને મજબૂતીકરણ હેઠળ આવરી લેવાયાં

ગાંધીનગર, તા. ૩૧

શહેરમાં આવાસ મજબૂતીકણની યોજના અન્વયે અત્યાર સુધીમાં ૧૩૯૪૨ પૈકી ૫૮૬૫ મકાનોમાં રીનોવેશનની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. જ્યારે ૬૪૧૧ મકાનો હજુ મજબૂતીકરણ હેઠળ આવરી લેવાના બાકી છે. હાલની સ્થિતિ ૧૦૨૭ મકાનોમાં મજબૂતીકરણનું કામ પ્રગતિ હેઠળ છે. જ્યારે કુલ ૧૬૨૩૮ આવાસો પૈકી નિકાલ હેઠળના ૧૯૦૪ મકાનો સંદર્ભે હજુ પણ કોઈ નિર્ણય લેવાયો નથી.

નગરના વિવિધ સેકટરોમાં અસ્તિત્વ ધરાવતા જુદી જુદી કેટેગરીના ૧૬૨૩૮ મકાનો પૈકી ૧૩૯૪૨ મકાનોને મજબૂતીકરણ હેઠળ આવરી લેવા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. એક અંદાજ મુજબ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આવાસ મજબૂતીકરણ અન્વયે ૪૫ ટકા કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર મરામતની આવશ્યકતા હોય તેવા ૧૩૯૪૨ મકાનો પૈકી ૫૮૬૫ મકાનોમાં મજબૂતીકરણનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે ૧૦૨૭ મકાનોનું કામ પ્રગતિ હેઠળ છે. તેમજ ૬૩૪ મકાનો આયોજન હેઠળ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત મજબૂતીકરણ અન્વયે હજુ પણ શહેરના ૬૪૧૧ મકાનો બાકી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. મકાનોના મજબૂતીકરણ પાછળ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**આવરી લેવાયેલા મકાનો**

| | | | |
|---|---|---|---|
| જ-૧ | ૧૭૯૬ | ઘ-૧ | ૨૧૨ |
| જ-૨ | ૧૦૩૨ | ઘ | ૧૨૬ |
| જ | ૧૫૩૨ | ગ | ૨૪ |
| છ | ૧૧૧૨ | ખ | ૧૩ |
| ચ-૧ | ૨૮૮ | ગ-૧ | ૮૦ |
| ચ | ૬૪૩ | ક | ૭ |

# સે. ૧૨માં જ-૨ કક્ષાના ૧૨૪ ભયજનક મકાનો તોડી પડાશે

## નિકાલ હેઠળના ૧૯૦૦ મકાનો સંદર્ભે હજુ પણ આખરી નિર્ણય લેવાયો નથી

ગાંધીનગર, તા. ૩૧

શહેરમાં સ્થિત સરકારી આવાસો દાયકાઓના અંતે ખંડેર બન્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. વર્ષોથી જાળવણીના અભાવે બિસ્માર બનેલા આવાસોના મજબૂતીકરણનું કામ હાથ ધરાયું છે. આમ છતાં સેક્ટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના હજારો આવાસો પૈકી અમુક ભયજનક હોવાનું ધ્યાને આવ્યું છે. સે. ૧૨માં જ-૨ કેટેગરીના ૧૨૪ જેટલા ભયજનક મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. એકબાજુ નિકાલ હેઠળના ૧૯૦૦ મકાનો સંદર્ભે પણ સાત વર્ષના લાંબા સમયગાળાના અંતે કોઈ નિર્ણય લેવાયો નથી ત્યારે શહેરમાં સ્થિત ભયજનક આવાસો સંદર્ભે પણ તંત્ર સબ સલામત હોવાનો જ સૂર ઉઠાવે છે.

શહેરના વિવિધ સેકટરોમાં અસ્તિત્વ ધરાવતા આવાસોની દાયકાઓથી કોઈ જાળવણી ન થતા મોટાભાગના મકાનો કંગાળ હાલતમાં છે. અંદાજે છેલ્લા પાંચ વર્ષથી માર્ગ-મકાન વિભાગ દ્વારા તબક્કાવાર નગરના આવાસોના મજબુતી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જો કે આ કામગીરી દરમિયાન પણ પૂર્ણતા અને ગુણવત્તા ન જળવાતા વસાહતીઓમાં આક્રોશ પ્રવર્ત્યો છે. થોડા સમય પૂર્વે સરકારી આવાસોને અનુલક્ષી તંત્ર દ્વારા સર્વેની પ્રકીયા હાથ ધરાઈ હતી. ગુડ, વેરીગુડ, એક્સલન્ટ અને પુવર તેમ ચાર કેટેગરીમાં આવાસોનો અભ્યાસ હાથ ધરાયો હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. જો કે આ સર્વેના અંતે એકપણ મકાન ભયજનક ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. શહેરમાં સરકારી આવાસોમાં રહેતા વસાહતીઓની સલામતી સામે સવાલો મંડરાય તેવા કિસ્સા અનેકવાર પ્રકાશમાં આવે છે. મકાનની છતમાંથી મોટામસ્ત પોપડા ખરવાની સાથે દિવાલો ધસી પડવાના બનાવો પણ આંખ સામે આવ્યા છે. આવા સંજોગોમાં પ્રાથમિક દષ્ટિએ ભયજનક માલુમ પડતા આવાસો તંત્ર દ્વારા ખાલી કરાવી દેવાયા છે. સે. ૧૬માં પણ આ પ્રકારના સરકારી આવાસો અગાઉ તંત્ર દ્વારા ખાલી કરાવી દેવાયા છે જ્યારે સે. ૧૨માં સ્થિત જ-૨ કેટેગરીના ૧૨૪ યુનિટ પણ ભયજનક હોવાનુ ધ્યાને આવતા વિભાગ કક્ષાએથી આ મકાનો જમીનદોસ્ત કરવાની મંજૂરી આપી દેવાઈ છે. પાટનગર યોજના વિભાગ દ્વારા સે. ૧૨ના ભયજનક મકાનો તોડી પાડવા ટેન્ડરપ્રક્રિયા પણ હાથ ધરી દેવાઈ છે.

# નવરાત્રીમાં ધૂમ મચાવવા ગરબા કલાસીસના ખેલૈયાઓ તૈયાર

## ઠેર ઠેર શરૂ થયેલા ગરબા કલાસીસમાં બાળકોથી લઈ મોટી ઉંમરની મહિલાઓ ખૂબ રસપૂર્વક જોડાય છે

ગાંધીનગર, તા. ૨

નવરાત્રીનું પર્વ વર્ષોથી ગુજરાતમાં ખૂબ ધામધૂમથી ઉજવાય છે. બે તાલી, ત્રણ તાલી અને દોઢીયું, પોપટીયું જેવા ટ્રેડીશનલ સ્ટેપ્સ પણ નવા ખેલૈયાઓ માટે અઘરા બની જાય છે ત્યારે ડાન્સિંગ કલાસીસની તાલીમ જરુરી બની છે. હવે તો ટ્રેડીશનલ સ્ટેપ્સની સાથે વેસ્ટર્ન સ્ટેપ્સનો સમન્વય કરી નવા જ પ્રકારના સ્ટેપ્સ ગરબામાં કરાય છે. નવરાત્રીમાં સૌથી અલગ દેખાઈ શકાય અને પાછળ ન રહી જવાય તે માટે નાના બાળકો, ટીનેજરો અને યુવાનો નવરાત્રી પહેલા ગરબા કલાસીસમાં અચૂક જોડાય છે. પાર્ટી પ્લોટમાં આપવામાં આવતા વિવિધ ઈનામો પણ આકર્ષણરૂપ રહે છે.





રાસની સિમિત વ્યાખ્યામાંથી હવે ગરબા બહાર આવી ગયા છે. ગરબાના અવનવા સ્ટેપ્સ ન આવડે તો ગરબા રમાય જ નહીં તેવી માન્યતા હવે દૃઢ થતી જાય છે. એટલે જ તો જાતભાતના સ્ટેપ્સ શીખવતા ગરબા કલાસીસ નવરાત્રી અગાઉ શરુ થઈ જાય છે. આ વર્ષે ત્રણ-ચાર વર્ષના બાળકોથી મંડીને મમ્મીઓ પણ ગરબા શીખવામાં રસ દાખવી રહી છે.

નવરાત્રી હવે હાઈટેક થવા માંડી છે. શેરી ગરબા ઉપરાંત પાર્ટી પ્લોટમાં તથા ગરબાઓમાં રમવા જવું હવે અનિવાર્ય બનતું જાય છે. પાર્ટીપ્લોટમાં ગરબા રમવા જવું હોય તો ગરબાના અવનવા સ્ટેપ્સ આવડવા ખૂબ જરુરી બની ગયા છે. કાઠીયાવાડી,

ગાંધીનગરમાં પૂજન ડાન્સિંગ કલાસીસનું નામ ખુબ જાણીતું બન્યું છે. સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જર બાળકો અને મહિલાઓને અવનવા સ્ટેપ્સ એટલી સરસ રીતે શીખવે છે કે તેમના ગરબાના કલાસીસ શરુ થવાનો સૌ ઈન્તેજાર કરે છે.

● અનુસંધાન પાન-૭ પર




નગરની સંગીતપ્રેમી સંસ્થા શિવરંજની દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. બિહારી ગઢવી અને સાથી કલાકારોને કલાકારોએ ખૂબ માણ્યા હતા. (તસવીર : દિપક જાની)




ફર્નિચર ભાડે મળશે

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

Maths + Reasoning શીખો

(રેલવે, SSC, Bank, FCI, GPSC માટે)

માત્ર રૂ. ૧૫૦૦/–માં

સંપર્ક : હાર્દિક પટેલ - ૯૮૭૯૦૩૯૦૧૯

બ્લોક નં. ૪૬/૩, "ચ" ટાઈપ, સે.૧૬, ગાંધીનગર

નોંધ : પાટીદાર સમાજના વિદ્યાર્થીઓને ફીમાં યોગ્ય વળતર આપવામાં આવશે.










TMT BARS - ISI
C. PVC, UPVC
STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com